**રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,**
**કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર,**
**જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સુરત**

# કલા મહાકુંભ – ૨૦૨૪-૨૫





## મહાનગરપાલિકા/જિલ્લાકક્ષા અમલીકરણ સમિતિ -સુરત

- કલેકટરશ્રી, જિલ્લા કલેકટર કચેરી, સુરત (જિલ્લા કક્ષા) -અધ્યક્ષશ્રી
- કમિશનરશ્રી, મહાનગરપાલિકા, સુરત (મહાનગરપાલિકા કક્ષા) -અધ્યક્ષશ્રી
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત -સભ્યશ્રી
- જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષક કચેરી, સુરત -સભ્યશ્રી
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,સુરત -સભ્યશ્રી
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત (જિલ્લા કક્ષા) -સભ્યશ્રી
- જિલ્લા શાસનાધિકારીશ્રી, શિક્ષણસમિતિ (મહાનગરપાલિકા કક્ષા) -સભ્યશ્રી
- પ્રિન્સીપાલશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત -સભ્યશ્રી
- જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સુરત -સભ્યશ્રી
- જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, સુરત શહેર/ગ્રામ્ય -સભ્યશ્રી
- જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,સુરત -સભ્ય સચિવશ્રી

## તાલુકા/ઝોન કક્ષા અમલીકરણ સમિતિ

૧. પ્રાંત અધિકારીશ્રી -અધ્યક્ષ
૨. મામલતદારશ્રી -કન્વીનર
૩. તાલુકા વિકાસ અધિકારીશ્રી -સભ્ય
૪. તાલુકા શિક્ષણાધિકારીશ્રી -સભ્ય
૫. પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી -સભ્ય સચિવ
૬. બી.આર.સી.શ્રી -સભ્ય
૭. સી.આર.સી.શ્રી -સભ્ય
૮. આચાર્યશ્રી, આયોજક શાળા -સભ્ય
૯. સિનિયર તજજ્ઞશ્રી (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) -સભ્ય
૧૦. તાલુકા કન્વીનરશ્રી, કલામહાકુંભ આયોજક -સભ્ય

## શાળાકક્ષાની સમિતિ

૧. શાળાના આચાર્યશ્રી -અધ્યક્ષ
૨. સંગીત શિક્ષકશ્રી -સભ્ય સચિવ
૩. વ્યાયામ શિક્ષકશ્રી -સભ્ય

## લવાદ સમિતિ

૧. કલેક્ટરશ્રી, સુરત(જિલ્લા કક્ષા)
૨.કમિશનરશ્રી,સુરત(મહાનગરપાલિકા કક્ષા)
૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત
૪ . પોલીસ અધિક્ષકશ્રી, સુરત
૫. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત
૬. જિલ્લા પ્રાથ.શિક્ષણાધિકારીશ્રી, સુરત
૭.જિલ્લા શાસનાધિકારીશ્રી શિક્ષણસમિતિ (શહેર કક્ષા)
૮. જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, સુરત
૯. સિનિયર તજજ્ઞશ્રી (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ), સુરત
૧૦. જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, સુરત
૧૧. પ્રમુખ/મંત્રીશ્રી, સાંસ્કૃતિક ક્ષેત્રે સંકળાયેલ સંસ્થા/એસોશિએશન

Email : dydo-syc-srt@gujarat.com

ક્રમાંક-જિ.યુ.સા.પ્ર.ક./૫૪૮૨ થી ૫૯૮૧ /૨૦૨૪-૨૫
જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,
જુના સિવિલ કોર્ટ બિલ્ડીંગ,પ્રથમ માળ,નાનપુરા,
સુરત.
તારીખ : ૦૩/૧૨/૨૦૨૪

પ્રતિ,
૧) પ્રિન્સીપાલશ્રી, મહાવિદ્યાલય (કોલેજ) સુરત શહેર/ગ્રામ્ય તમામ.
૨) આચાર્યશ્રી, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, સુરત શહેર/ગ્રામ્ય તમામ.
૩) સંચાલકશ્રી, સંગીત નૃત્ય અને કલાસંસ્થાઓ, સુરત શહેર/ગ્રામ્ય તમામ.

વિષય:- કલા મહાકુંભ-૨૦૨૪-૨૫ની સ્પર્ધાના આયોજન સંચાલન બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં કલા મહાકુંભ-૨૦૨૪-૨૫નું આયોજન કરવામાં આવનાર છે. આ કલા મહાકુંભનો મુખ્ય ઉદ્દેશ કલા જાગૃતિ, પ્રતિભા શોધ અને યોગ્ય તક, સાંસ્કૃતિક વાતાવરણનું નિર્માણ કરવું. રાજ્ય સરકારે ગુજરાતનાં કલાકારોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને બહાર લાવી યોગ્ય પ્રતિભાઓને શોધી યોગ્ય સ્ટેજ આપવા માટે સાંસ્કૃતિક મહોત્સવ તરીકે સ્વરૂપ આપવાનો નિર્ણય કરેલ છે.

કલા મહાકુંભમાં બહોળી સંખ્યામાં કલાકારો/સ્પર્ધકો ભાગ લે તે હેતુથી ઝોન/તાલુકાકક્ષા અને ત્યારબાદ મહાનગરપાલિકા/જિલ્લાકક્ષાએ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે. આ કલા મહાકુંભમાં કુલ ૩૭ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ ૪ (ચાર) વયજુથમાં સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે.

<u>ખાસ નોંધ</u> -

(1) ઝોન/તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારોએ જન્મ તારીખ દર્શાવતુ ઓળખકાર્ડ, આધારકાર્ડ સાથે રાખવાનું ફરજિયાત રહેશે. અન્યથા આયોજકશ્રી ભાગ લેવા દેશે નહીં, જેની ખાસ કાળજી રાખવી.

| ક્રમ | વિભાગ | જન્મ તારીખ થી જન્મેલ |
|---|---|---|
| ૧ | ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીના | ૦૧/૦૧/૨૦૧૧ થી ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ જન્મેલા |
| ૨ | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના | ૦૧/૦૧/૨૦૦૫ થી ૩૧/૧૨/૨૦૧૦ ના રોજ જન્મેલા |
| ૩ | ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના | ૦૧/૦૧/૧૯૬૬ થી ૩૧/૧૨/૨૦૦૪ ના રોજ જન્મેલા |
| ૪ | ૬૦ વર્ષથી (ઓપન વયજુથ) | ૩૧/૧૨/૧૯૬૫ કે તે પહેલા જન્મેલા |

| જિલ્લા યુવા વિકાસ અધિકારી<br>સુરત | જિલ્લા શાસનાધિકારીશ્રી<br>સુરત | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી<br>સુરત | જિલ્લા શિક્ષણાધિકારી<br>સુરત |
|---|---|---|---|

## નકલ સવિનય રવાના –

1. માન. સચિવશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર
2. માન. કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
3. માન. કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા સુરત
4. માન. કલેકટરશ્રી, સુરત.
5. માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત.
6. માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત.
7. માન. સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
8. માન. યૂથ બોર્ડ અધિકારીશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
9. પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, સુરત.
10. માન. સાંસદશ્રી, સુરત.
11. માન. ધારાસભ્યશ્રી, તમામ સુરત જિલ્લો.
12. માન. સહાયક નિયામકશ્રી, સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગર.
13. નાયબ માહિતી નિયામકશ્રી, સુરત.
14. જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, સુરત.
15. પ્રમુખશ્રી/મંત્રીશ્રી આચાર્ય સંઘ, સુરત.
16. પ્રમુખશ્રી/મંત્રીશ્રી પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક સંઘ, સુરત.

| કલા મહાકુંભ-૨૦૨૪-૨૫ સ્પર્ધા શરૂઆત થવાના તબક્કા તમામ ઉંમર ગૃપ માટે | | | |
|---|---|---|---|
| ઝોન/તાલુકાકક્ષા | મહાનગરપાલિકા/જિલ્લાકક્ષા | પ્રદેશકક્ષા | રાજયકક્ષા |
| ૧) વકતૃત્વ | ૧) કાવ્ય લેખન | ૧) સિતાર | ૧) પખાવજ |
| ૨) નિબંધ લેખન | ૨) ગઝલ શાયરી લેખન | ૨) ગિટાર | ૨) મૃદંગમ |
| ૩) ચિત્રકલા | ૩) લોકવાર્તા | ૩) વાંસળી | ૩) રાવણ હથ્થો |
| ૪) ભરતનાટ્યમ | ૪) દુહા-છંદ-ચોપાઈ | ૪) વાયોલીન | ૪) જોડિયા પાવા |
| ૫) એકપાત્રીય અભિનય | ૫) સર્જનાત્મક કારીગરી | ૫) કુચિપુડી | ૫) સરોદ |
| ૬) લોક નૃત્ય | ૬) સ્કુલ બેન્ડ | ૬) ઓડીસી | ૬) સારંગી |
| ૭) રાસ | ૭) ઓરગન | ૭) મોહિની અટ્ટમ | ૭) ભવાઈ |
| ૮) ગરબા | ૮) કથ્થક | ઉપરોક્ત સ્પર્ધાઓ સીધી પ્રદેશ કક્ષાએ યોજાશે. આ ઉપરાંત જિલ્લાકક્ષાએ યોજાતી સ્પર્ધાઓ યોજાશે. | ઉપરોક્ત સ્પર્ધાઓ સીધી રાજ્યકક્ષાએ યોજાશે. આ ઉપરાંત પ્રદેશકક્ષાએ યોજાતી સ્પર્ધાઓ યોજાશે. |
| ૯) સુગમ સંગીત | ૯) શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિંદુસ્તાની) | | |
| ૧૦) લગ્નગીત | ઉપરોક્ત સ્પર્ધા ઉપરાંત તાલુકાકક્ષાની સ્પર્ધાઓમાં પ્રથમ વિજેતાઓની સ્પર્ધાઓ યોજાશે. | | |
| ૧૧) સમુહ ગીત | | | |
| ૧૨) લોકગીત / ભજન | | | |
| ૧૩) તબલા | | | |
| ૧૪) હાર્મોનિયમ (હળવું) | | | |
| કુલ - ૧૪ કૃતિ | ઝોન/તાલુકાની ૧૪ કૃતિ + જિલ્લાની ૦૯ કૃતિ = કુલ ૨૩ કૃતિ | ઝોન/તાલુકાની ૧૪ કૃતિ + મહાનગરપાલિકા/જિલ્લાની કૃતિ ૦૯ + પ્રદેશકક્ષાની ૦૭ કૃતિ = કુલ ૩૦ કૃતિ | ઝોન/તાલુકાની ૧૪ કૃતિ + મહાનગરપાલિકા/જિલ્લાની ૦૯ કૃતિ+પ્રદેશકક્ષાની ૦૭ કૃતિ + રાજ્યકક્ષાની ૦૭ કૃતિ = કુલ ૩૭ કૃતિ |







# કલા મહાકુંભ – ૨૦૨૪-૨૫

તાલુકો / ઝોન:- ...............

## વ્યક્તિગત સ્પર્ધા માટેનું અરજી પત્રક

જિલ્લો:- સુરત શહેર / ગ્રામ્ય

(૧) સ્પર્ધકનું નામ: ........................................................................................ જાતિ : સ્ત્રી / પુરુષ / અન્ય

(૨) શાળા/કોલેજનું નામ: ........................................................................................

(૩) ઘરનું સરનામું: ........................................................................................

(૪) જન્મ તારીખ: ........../........../............. (૫) ઉંમર-.........વર્ષ.........મહિના......દિવસ (૬) ધોરણ: ................

(૭) આધારકાર્ડ નંબર...................................... (૮) ઈ - મેઈલ આઈ.ડી.: ..............................................

(૯) મોબાઈલ નંબર: (શિક્ષક)........................................ (૧૦) મોબાઈલ નંબર (સ્પર્ધક): ......................................

(૧૧) બેંકનું નામ :............................................ બ્રાંચનું નામ :........................ IFSC CODE :..........................

A/C. HOLDER NAME :................................................ A/C. NO. : ....................................................

**સ્પર્ધકે ગમે તે એક જ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે અને પસંદ કરી (√) નિશાની કરવી.**

| કક્ષા | ક્રમ | કલા | (√) નિશાની કરવા માટે | | | | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ થી ૧૪ વર્ષ | ૧૫ થી ૨૦ વર્ષ | ૨૧ થી ૫૯ વર્ષ | ૬૦ થી ઉપર ફક્ત રાજયકક્ષા | વયજૂથ માટે તા.૩૧/૧૨/૨૦૨૪ ધ્યાને લેવી. |
| તાલુકા/ ઝોન કક્ષાએથી શરૂ | ૧ | વકતૃત્વ | | | [redacted] | [redacted] | |
| | ૨ | નિબંધ | | | [redacted] | [redacted] | ૦૬ થી ૧૪ વર્ષ માટે |
| | ૩ | ચિત્રકલા | | | [redacted] | [redacted] | ૦૧/૦૧/૨૦૧૧ થી ૩૧/૧૨/૨૦૧૮ |
| | ૪ | ભરતનાટ્યમ | | | [redacted] | [redacted] | વચ્ચે જન્મેલા. |
| | ૫ | એકપાત્રીય અભિનય | | | | | |
| | ૬ | તબલા | | | | | |
| | ૭ | હાર્મોનિયમ (હળવું) | | | | | ૧૫ થી ૨૦ વર્ષ માટે |
| | ૮ | લોકગીત/ ભજન | | | | | ૦૧/૦૧/૨૦૦૫ થી ૩૧/૧૨/૨૦૧૦ |
| | ૯ | સુગમ સંગીત | | | | [redacted] | વચ્ચે જન્મેલા. |
| | ૧૦ | લગ્નગીત | | | | [redacted] | |
| સીધી જિલ્લા કક્ષાએથી શરૂ | ૧૧ | કાવ્ય લેખન | [redacted] | | | [redacted] | |
| | ૧૨ | ગઝલ શાયરી | [redacted] | | | [redacted] | ૨૧ થી ૫૯ વર્ષ માટે |
| | ૧૩ | લોકવાર્તા | | | [redacted] | [redacted] | ૦૧/૦૧/૧૯૬૬ થી ૩૧/૧૨/૨૦૦૪ |
| | ૧૪ | દુહા-છંદ-ચોપાઈ | | | [redacted] | [redacted] | વચ્ચે જન્મેલા. |
| | ૧૫ | સર્જનાત્મક કારીગરી | | | [redacted] | [redacted] | |
| | ૧૬ | કથ્થક | | | [redacted] | [redacted] | |
| | ૧૭ | ઓર્ગન | | | | | ૬૦ વર્ષથી ઉપર (ઓપન વયજૂથ) |
| | ૧૮ | શાસ્ત્રીય કંઠય સંગીત (હિન્દુસ્તાની) | | | | [redacted] | ૩૦/૧૨/૧૯૬૫ પહેલાં જન્મેલા. |

| કક્ષા | ક્રમ | કલા | (√) નિશાની કરવા માટે | | | | રિમાર્ક્સ્ |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ થી ૧૪ વર્ષ | ૧૫ થી ૨૦ વર્ષ | ૨૧ થી ૫૯ વર્ષ | ૬૦ થી ઉપર ફક્ત રાજ્યકક્ષા | |
| સીધી પ્રદેશ કક્ષાએથી શરૂ | ૧૯ | સિતાર | | | | | ૦૬ થી ૧૪ વર્ષ માટે |
| | ૨૦ | ગિટાર | | | | | ૦૧/૦૧/૨૦૧૧ થી ૩૧/૧૨/૨૦૧૮ |
| | ૨૧ | વાંસળી | | | | | વચ્ચે જન્મેલા. |
| | ૨૨ | વાયોલિન | | | | | |
| | ૨૩ | કુચિપુડી | | | [redacted] | [redacted] | ૧૫ થી ૨૦ વર્ષ માટે |
| | ૨૪ | ઓડીસી | | | [redacted] | [redacted] | ૦૧/૦૧/૨૦૦૫ થી ૩૧/૧૨/૨૦૧૦ |
| | ૨૫ | મોહીનીઅટ્ટ્મ | | | [redacted] | [redacted] | વચ્ચે જન્મેલા. |
| સીધી રાજ્યકક્ષાએથી શરૂ | ૨૬ | પખાવજ | | | | | |
| | ૨૭ | મૃદંગમ | | | | | ૨૧ થી ૫૯ વર્ષ માટે |
| | ૨૮ | રાવણ હથ્થો | [redacted] | [redacted] | | | ૦૧/૦૧/૧૯૬૬ થી ૩૧/૧૨/૨૦૦૪ |
| | ૨૯ | જોડીયાપાવા | [redacted] | [redacted] | | | વચ્ચે જન્મેલા. |
| | ૩૦ | સરોદ | [redacted] | [redacted] | | | ૬૦ વર્ષથી ઉપર (ઓપન વયજૂથ) |
| | ૩૧ | સારંગી | [redacted] | [redacted] | | | ૩૧/૧૨/૧૯૬૫ પહેલાં જન્મેલા. |

| વ્યક્તિગત સ્પર્ધાના સહાયકોની માહિતી | | | |
|---|---|---|---|
| ક્રમ | સહાયકનું નામ | સંપર્ક નંબર | વાજિંત્રનું નામ |
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

- કોઇપણ સ્પર્ધક એક જ સ્પર્ધામાં એક જ તાલુકા/ઝોન/જિલ્લા/મહાનગરપાલિકા માંથી સમગ્ર સ્પર્ધા દરમ્યાન ભાગ લઇ શકશે.
- જે સ્પર્ધામાં એક કરતાં વધુ સ્પર્ધકો હોય છે તેવી સ્પર્ધામાં ભાગ લેવા માટે સમૂહ સ્પર્ધાવાળુ ફોર્મ ભરવુ. (૧. લોકનૃત્ય, ૨. રાસ, ૩.ગરબા, ૪.સમુહગીત, ૫.સ્કુલ બેન્ડ, અને ૬. ભવાઈ માટે)
- આ ફોર્મ સાથે સ્પર્ધક , સહાયકનું આધાર કાર્ડ /ઓળખ કાર્ડ તેમજ બેંક કે ન્સલ ચેક કે પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂકપણે જોડવાની રહેશે.
- અધુરી વિગત વાળુ ફોર્મ રદબાતલ ગણવામાં આવશે.
- નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસ્કવોલીફાઈ કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે , તથા તેને પડકારી શકાશે નહી. જે અંગેની હું બાંહેધરી આપુ છું.

**સ્પર્ધકની સહી** **શાળા/સંસ્થાના સહી/સિક્કા**

# કલા મહાકુંભ – ૨૦૨૪-૨૫ 

તાલુકો / ઝોન:- ........................

## સમૂહ સ્પર્ધા માટેનું અરજી પત્રક

જિલ્લો:- સુરત શહેર/ગ્રામ્ય

(૧) શાળા/કોલેજ/સંસ્થાનું નામ: ..........................................................................................................

(૨)સરનામુ: ..........................................................................................................

(3) સંચાલકશ્રીનું નામ:...................................................................... (૫) મો. નંબર: ........................................

| કક્ષા | ક્રમ | કલા | ભાગલેનાર સ્પર્ધકોની સંખ્યા લખવી | | | | રિમાર્ક્સ્ |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ થી ૧૪ વર્ષ | ૧૫ થી ૨૦ વર્ષ | ૨૧ થી ૫૯ વર્ષ | ૬૦ થી ઉપર રાજયકક્ષા | |
| તાલુકા/ ઝોન કક્ષાએથી શરૂ | ૧ | લોકનૃત્ય | | | | [redacted] | વધુમાં વધુ સ્પર્ધકો ૧૬+૦૪ સહાયકો |
| | ૨ | રાસ | | | | [redacted] | વધુમાં વધુ સ્પર્ધકો ૧૬+૦૪ સહાયકો |
| | ૩ | ગરબા | | | | [redacted] | વધુમાં વધુ સ્પર્ધકો ૧૬+૦૪ સહાયકો |
| | ૪ | સમૂહ ગીત | | | [redacted] | [redacted] | વધુમાં વધુ સ્પર્ધકો ૦૮+૦૫ સહાયકો |
| સીધી જિલ્લા કક્ષાએથી શરૂ | ૫ | સ્કુલ બેન્ડ | | | [redacted] | [redacted] | વધુમાં વધુ સ્પર્ધકો ૨૧+૦૩ સહાયકો |
| સીધી રાજ્ય કક્ષાએથી શરૂ | ૬ | ભવાઈ | ઓપન વિભાગ સંખ્યા- | | | | વધુમાં વધુ સ્પર્ધકો ૧૦+૦૫ સહાયકો |

| ક્રમ | સ્પર્ધકનું નામ | મોબાઈલ નંબર | જન્મ તારીખ | ઉંમર | જાતિ (M/F) |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |
| ૭ | | | | | |
| ૮ | | | | | |
| ૯ | | | | | |
| ૧૦ | | | | | |
| ૧૧ | | | | | |
| ૧૨ | | | | | |
| ૧૩ | | | | | |
| ૧૪ | | | | | |
| ૧૫ | | | | | |
| ૧૬ | | | | | |
| ૧૭ | | | | | |
| ૧૮ | | | | | |
| ૧૯ | | | | | |
| ૨૦ | | | | | |
| ૨૧ | | | | | |

| ક્રમ | સહાયકનું નામ | મોબાઈલ નંબર | જન્મ તારીખ | ઉંમર | જાતિ (M/F) |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |

સ્પર્ધકની સહી

શાળા/સંસ્થાના સહી/સિક્કા

- કોઇપણ સ્પર્ધક એક જ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
- કોઇપણ સ્પર્ધક સમગ્ર સ્પર્ધા દરમ્યાન એક જ તાલુકા-ઝોન / જિલ્લા-મહાનગરપાલિકામાંથી ભાગ લઇ શકશે.
- જે સ્પર્ધામાં એક કરતાં વધુ સ્પર્ધકો હોય છે તેવી સ્પર્ધામાં ભાગ લેવા માટે <u>સમૂહ સ્પર્ધાવાળું અલગ ફોર્મ</u> ભરવું. (૧. લોકનૃત્ય, ૨. રાસ, ૩.ગરબા, ૪.સમુહગીત, ૫. સ્કુલ બેન્ડ, અને ૬. ભવાઈ માટે)
- આ ફોર્મ સાથે સ્પર્ધક , સહાયકનું આધાર કાર્ડ /ઓળખ કાર્ડ તેમજ કે ન્સલ ચેક કે  બેંક પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂકપણે જોડવાની રહેશે.
- અધુરી વિગત વાળુ ફોર્મ રદબાતલ ગણવામાં આવશે.
- વધુ માહિતી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સુરત નો સંપર્ક કરવો.
- નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસ્કવોલીફાઈ કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે , તથા તેને પડકારી શકાશે નહી.  જે અંગેની હું બાંહેધરી આપુ છું.

**સ્પર્ધકની સહી** **શાળા/સંસ્થાના સહી/સિક્કા**

# ગૃપ મુજબ કૃતિઓ તથા વયજુથ, ભાગ લેનારની સંખ્યા, સહાયક અને સમય

| ક્રમ | કૃતિનું નામ | કલાકાર સંખ્યા | સમય | સહાયકોની સંખ્યા | કુલ | ઉંમર ગૃપ પ્રમાણે ભાગ લેવા માટેની કૃતિઓ ગૃપ વાઈઝ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધી | ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના | ૬૦ વર્ષથી (ઓપન વયજુથ) રાજ્યકક્ષાએથી |
| **A) તાલુકાકક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓ** | | | | | | | | | |
| ૧ | વકતૃત્વ | ૧ | ૦૫ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૨ | નિબંધ લેખન | ૧ | ૪૦ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૩ | ચિત્રકલા | ૧ | ૧૨૦ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૪ | ભરતનાટ્યમ | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૫ | એકપાત્રીય અભિનય | ૧ | ૦૬ મિનિટ | --- | ૧ | √ | √ | √ | √ |
| ૬ | લોકનૃત્ય | ૧૬ | ૦૮ મિનિટ | ૪ | ૨૦ | √ | √ | √ | × |
| ૭ | રાસ | ૧૬ | ૦૮ મિનિટ | ૪ | ૨૦ | √ | √ | √ | × |
| ૮ | ગરબા | ૧૬ | ૦૮ મિનિટ | ૪ | ૨૦ | √ | √ | √ | × |
| ૯ | સુગમ સંગીત | ૧ | ૦૫ મિનિટ | ૩ | ૪ | √ | √ | √ | × |
| ૧૦ | લગ્નગીત | ૧ | ૦૭ મિનિટ | ૫ | ૬ | √ | √ | √ | × |
| ૧૧ | સમૂહ ગીત | ૮ | ૦૬ મિનિટ | ૫ | ૧૩ | √ | √ | × | × |
| ૧૨ | લોકગીત / ભજન | ૧ | ૦૬ મિનિટ | ૩ | ૪ | √ | √ | √ | √ |
| ૧૩ | તબલા | ૧ | ૦૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૧૪ | હાર્મોનિયમ (હળવું) | ૧ | ૦૬ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| **B) જિલ્લાકક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓ** | | | | | | | | | |
| ૧૫ | કાવ્ય લેખન | ૧ | ૬૦ મિનિટ | --- | ૧ | × | √ | √ | × |
| ૧૬ | ગઝલ શાયરી | ૧ | ૬૦ મિનિટ | --- | ૧ | × | √ | √ | × |
| ૧૭ | લોકવાર્તા | ૧ | ૧૫ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૧૮ | દુહા-છંદ-ચોપાઈ | ૧ | ૧૫ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૧૯ | સર્જનાત્મક કારીગરી | ૧ | ૧૮૦ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૨૦ | સ્કૂલ બેન્ડ | ૨૧ | ૧૫ મિનિટ | ૩ | ૨૪ | √ | √ | × | × |
| ૨૧ | ઓરગન | ૧ | ૦૬ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૨ | કથ્થક | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૨૩ | શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિંદુસ્તાની) | ૧ | ૧૦ મિનિટ | ૩ | ૪ | √ | √ | √ | × |
| **C) પ્રદેશકક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓ** | | | | | | | | | |
| ૨૪ | સિતાર | ૧ | ૦૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૫ | ગીટાર | ૧ | ૦૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૬ | વાંસળી | ૧ | ૦૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૭ | વાયોલિન | ૧ | ૦૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૮ | કુચિપુડી | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૨૯ | ઓડીસી | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૩૦ | મોહિની અટ્ટમ | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| **D) રાજ્યકક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓ** | | | | | | | | | |
| ૩૧ | પખાવજ | ૧ | ૦૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૩૨ | મૃદંગમ | ૧ | ૦૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૩૩ | રાવણ હથ્થો | ૧ | ૦૬ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૩૪ | જોડિયા પાવા | ૧ | ૦૬ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૩૫ | સરોદ | ૧ | ૦૭ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૩૬ | સારંગી | ૧ | ૦૭ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૩૭ | ભવાઇ | ૧૦ | ૧૫ મિનિટ | ૫ | ૧૫ | ઓપન વિભાગ – સીધી રાજ્યકક્ષા | | | |

## કલા મહાકુંભના સામાન્ય નિયમો

- ૩૧/૧૨/૨૦૨૪ ને ધ્યાને રાખી વયજુથ મુજબ તારીખ આપવામાં આવેલ છે.
- કોઈપણ સ્પર્ધક એક જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- કોઈપણ સ્પર્ધક, કોઈપણ એક જ તાલુકા કે એકમ માંથી, સમગ્ર સ્પર્ધા દરમ્યાન ભાગ લઈ શકશે.
- ઈરાદાપૂર્વક કોઈપણ માહિતી છુપાવવી નહીં, તેમજ ખોટી માહિતી આપવી નહીં, અન્યથા સ્પર્ધામાં આપનો પ્રવેશ રદ કરવામાં આવશે અને તે સ્પર્ધક કે સંસ્થાને ત્રણ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- કોઈપણ સ્પર્ધક, સહાયક અથવા તેના વાલીએ કોઈપણ તબક્કે આયોજકો, નિર્ણાયકશ્રીઓ કે કોઈપણ વ્યક્તિ સાથે અસભ્ય કે ગેરવર્તન કરવું નહીં, અન્યથા તે સ્પર્ધક કે સંસ્થાને ત્રણ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- સ્પર્ધામાં ભાગ લેવા માટે ઉંમરનો પુરાવો આપવો જરૂરી છે. જેના માટે સંસ્થા–કોલેજનું આઈકાર્ડ, આધારકાર્ડ, જન્મ તારીખ દર્શાવતું કોઈપણ સરકારી આધાર વિગેરેમાંથી કોઈપણ એક પુરાવો આપવો ફરજિયાત છે.
- સ્પર્ધા સ્થળે ઉપલબ્ધ સગવડોનો જ ઉપયોગ કરવા દેવામાં આવશે. નવી કોઈ સગવડ ઊભી કરવા દેવામાં આવશે નહીં. કે આયોજકશ્રીઓ દ્વારા પૂરી પાડવામાં આવશે નહીં.
- પોતાને જરૂરી કોસ્ચ્યુમ, મેકઅપ, સેટીંગ્સ, સ્ટેજ પ્રોપર્ટી, સંગીતના સાધનો કે સ્પર્ધા માટે અન્ય જરૂરી વધારાના સાધનો સ્પર્ધકે જાતે લાવવાના રહેશે.
- સ્પર્ધકે ખાસ ધ્યાન રાખવાનું રહેશે કે, તમામ સ્પર્ધકોને એક જ માહોલમાં નિર્ણાયકશ્રીઓ દ્વારા મૂલવી શકાય એટલા માટે સ્પર્ધા માટેની કૃતિ જનરલ લાઈટ્સ અને કોઈપણ ઇફેક્ટ વગરની માઇક સીસ્ટમ સાથે જ રજૂ કરવાની રહેશે.જે આયોજક દ્વારા પૂરી પાડવામાં આવશે.
- દરેક સ્પર્ધા માટે તેની નિયત સમય મર્યાદામાં + કે -,૧/૫ (૨૦%) ભાગના સમયની છૂટ આપવામાં આવશે.
- જે તે કૃતિનું પરિણામ સ્પર્ધાના બીજા દિવસે અથવા આયોજકો નક્કી કરે તે પ્રમાણે જાહેર કરવામાં આવશે. જે તે કલાકારોએ પરિણામ માટે પોતાના જિલ્લાની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
- કાર્યક્રમના આગળના દિવસે સ્પર્ધકે જાતે જ કાર્યક્રમની વિગતો મેળવી લેવી. જેથી કોઈ ફેરફાર હોય તો માહિતગાર થઈ શકાય અને વિનાવિઘ્ને, સમયસર, યોગ્ય સ્થળે સ્પર્ધામાં સફળતા પૂર્વક ભાગ લઈ શકાય. આ માટે આયોજક કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
- કાર્યક્રમના સ્થળ કે સમયમાં ફેરફાર કરવાની સત્તા આયોજકોની રહેશે.
- સ્પર્ધકોએ સ્વખર્ચે, ઝોન/તાલુકા અને મહાનગરપાલિકા/જિલ્લાકક્ષાએ ભાગ લેવાનો રહેશે. પ્રદેશ અને રાજયકક્ષાએ, પ્રવાસ, નિવાસ અને ભોજનની વ્યવસ્થા આયોજકો દ્વારા ફાળવેલ જોગવાઈની મર્યાદામાં રહી કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.
- ઝોન/તાલુકાકક્ષા સ્પર્ધામાં દરેક વયજુથના પ્રથમ વિજેતા થયેલ કલાકારો કે વૃંદો મહાનગરપાલિકા જિલ્લાકક્ષાએ ભાગ લેવા જશે, જિલ્લાકક્ષાના દરેક વયજુથના પ્રથમ વિજેતા પ્રદેશકક્ષાએ ભાગ લઈ શકશે અને પ્રદેશકક્ષાના દરેક વયજુથના પ્રથમ અને દ્વિતીય વિજેતાઓ રાજય કક્ષાએ ભાગ લઈ શકશે.

**દરેક સ્પર્ધામાં ઓછામાં ઓછા ૪(ચાર) સ્પર્ધક કે વૃંદો હશે તો જ ઈનામ મળવાપાત્ર થશે.**

# <u>સ્પર્ધા માટેના નિયમો</u>

## (A) <u>સાહિત્ય વિભાગ</u>

(૧) <u>વકતૃત્વ સ્પર્ધા :-</u>

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- દરેક વિભાગ માટે સ્પર્ધાનો વિષય નક્કી કરી ૨૪ કલાક પહેલા જાહેર કરવાનો રહેશે.
- સ્પર્ધાનો સમય ૫ મિનીટનો રહેશે.
- રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે,યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવા.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, વસ્તુ વિચાર, રજૂઆત-છટા, ભાષા-ઉચ્ચાર અને સમગ્ર અસર ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૨) <u>નિબંધ લેખન :-</u>

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધાનો સમય ૪૦ મિનિટનો રહેશે.
- નિબંધનો વિષય સ્પર્ધા સમયે જાહેર કરવામાં આવશે.
- રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે, એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવામાં આવશે.
- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બંને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- નિબંધમાં વિચાર, વસ્તુની ચર્ચા ઉપરાંત ભાષા, તેની શુધ્ધતા, વિચારો, લખાણની શૈલી અને હસ્તાક્ષર વગેરે બાબતો તેના મૂલ્યાંકન વખતે ધ્યાનમાં રાખવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

(3) <u>કાવ્ય લેખન:-</u>

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધકે ૬૦ મિનિટમાં કવિતાની રચના કરવાની રહેશે. કવિતાને પ્રસ્તુત કરવાની સાથે તેનો ટુકમાં ભાવ રજૂ કરવાનો રહેશે.
- કવિતા સમાજની દ્રષ્ટિએ પોષક હોવી જરૂરી છે.
- પ્રણય, રાષ્ટ્રભક્તિ, શૌર્ય, ઋતુ આધારિત ગીત, સામાજિક, બાળગીત કે ભક્તિગીત જેવા વિષય ઉપરની કાવ્ય રચના આવકાર્ય છે.
- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બંને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- સ્પર્ધા માટે ત્રણ થી ચાર વિષયો આપવામાં આવશે. જેમાંથી કોઈપણ એક વિષય ઉપર રચના કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, વસ્તુ વિચાર, કવિતાનું બંધારણ, ભાષા અને સમગ્ર રચના ઉપર આધારિત રહેશે.
- સ્પર્ધકની કવિતાએ કોઈપણની કવિતાની નકલ કરેલી, પાછળથી પણ જણાશે તો ગમે તે લેવલેથી સ્પર્ધામાંથી ત્રણ વર્ષ માટે બાકાત કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.આ અંગે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

(૪) ગઝલ-શાયરી :-

- ગઝલ-શાયરી ગુજરાતી અથવા હિન્દી ભાષામાં લખી શકાશે.
- કૃતિ રચવા માટે ૬૦ મિનિટનો સમય આપવામાં આવશે.
- ગઝલ-શાયરી રચવા માટે ત્રણથી ચાર જુદા જુદા વિષયો આપવામાં આવશે.જેમાંથી હરીફે કોઈ પણ એક વિષય ઉપર પોતાની રચના કરવાની રહેશે.
- નિર્ણયનો આધાર છંદ-મીટર, વિચારોની મૌલિકતા અને તેનું આયોજન, કલ્પના,ઉર્મિ, અલંકાર વિગેરે તેમજ સમગ્ર અસર ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

(૫) લોકવાર્તા:-

- ઈતિહાસને ઉજાગર કરતી પ્રાચીન, ઉદ્દેશ્યાત્મક, પ્રેરણાદાયક અને સમાજને સાચો માર્ગ ચિંધતી લોકકથાઓ આધારિત લોક્વાર્તા રજૂ કરી શકાશે.
- રજૂઆતનો સમય ૧૫ મિનિટનો રહેશે.
- સહાયક તરીકે કોઈને પણ લઈ શકાશે નહીં, પરંતુ વાર્તાકાર રાવણહથ્થો વગાડતા વગાડતા લોક્વાર્તાની પ્રસ્તુતિ કરી શકશે.
- સામાન્ય સંજોગોમાં સ્ટેજ-માઈકની ગોઠવણી તેમજ લોક્વાર્તાકારને બેસવા માટે વધુમાં વધુ ત્રણ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, લોકવાર્તાની રજૂઆતની અસલી પ્રાચીન લઢણ, સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- પ્રાદેશિક પરંપરા શૈલીનો ઉપયોગ કરી શકાશે. ચારણશૈલી, બારોટશૈલી, ઢીઢાલીલા અને ભવાઇશૈલી  જેવી સામાન્ય શૈલીનો ઉપયોગ કરવાનો રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.
- વાર્તાકારો પોતાને અનુકૂળ વાદ્યનો આધાર લઈ શકશે. (સ્વરવાદન દ્વારા)

(૬) દુહા,છંદ,ચોપાઈ :-

- દુહા,છંદ,ચોપાઈની રજૂઆત પ્રાચીન પરંપરા અને લોક સાહિત્ય આધારિત હોવી જોઈએ. ખાલી જોડકણા,કે અર્વાચીન રચનાઓથી બનેલ રચનાઓ રજૂ કરી શકાશે નહીં.
- સ્પર્ધામાં કંઠસ્થ કરેલા ઓછામાં ઓછા આઠથી દસ દોહા-છંદ-ચોપાઈની રજૂઆત કરવાની રહેશે. છંદો જેવા કે માત્રામેળ અને અક્ષરમેળ, ચારણી ગીતો છંદો જેવા કે, સપાખરા, સાવજડું, તિકુરબંધ, શાણોર ઈત્યાદીની રજૂઆત કરી શકાશે.
- સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઈકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ ત્રણ મિનિટ આપવામાં આવશે. વાધ્યો તરીકે હાર્મોનિયમ, તબલા અને મંજીરાનો પ્રયોગ કરી શકાશે, ઈલેક્ટ્રોનિક વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહીં.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય સૂર, તાલ, લય, દુહા-છંદ-ચોપાઈની અસલી પ્રાચીન ગાયકીની લઢણ, બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- કંઠસ્થ રજૂઆત વખતે ગાન અનિવાર્ય રહેશે અને દુહા-છંદ-ચોપાઈનો ભાવાર્થ ગુજરાતી, હિન્દી ભાષામાં પોતાની સમજણ પ્રમાણે મૌલિક શૈલીમાં રજૂ કરવાના રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

# (B) કલા વિભાગ

(૭) <u>ચિત્રકલા :-</u>

- તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજાશે. એટલે કે ચિત્રકામ સ્થળ ઉપર જ કરવાનું રહેશે.
- સ્પર્ધાનો સમય ૧૨૦ (૨ કલાક) મિનિટનો રહેશે.
- ચિત્રકલાની સ્પર્ધા માટે, ડ્રોઈંગના કાગળો સ્પર્ધાના આયોજકો તરફથી આપવાના રહેશે. અન્ય સાધન સામગ્રી સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારે પોતે લાવવાની રહેશે.
- સ્પર્ધા માટે ડ્રોઈંગ પેપર ૧૬"X૨૪" અથવા ૨૪"X૩૦" નો અનુકૂળતા પ્રમાણેનો આપવો.
- ચિત્રકલાનો વિષયનો સ્થળ ઉપર આપવામાં આવશે. અપાયેલા વિષય ઉપર સ્પર્ધકે પોતાની શૈલીના માધ્યમથી ચિત્ર દોરી શકાશે.
- નિર્ણયનો આધાર કમ્પોઝીશન, કલર સ્કીમ, ટેકનીક, વસ્તુલક્ષી નિરૂપણ, ડ્રોઈંગ અને આકારમાં સપ્રમાણતા વગેરે ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

(૮) <u>સર્જનાત્મક કારીગરી :-</u>

- આ સ્પર્ધામાં નકામી તેમજ બહુ કિંમતી ન હોય તેવી વસ્તુઓ જેવી કે બંગડીઓના કાચ, લાકડાનો વેર, ઇલાયચીના છોડા, પથ્થરના ટુકડા કે ચામડામાંથી સ્થળ પર નમૂના તૈયાર કરવાના રહેશે. કાચી સામગ્રીનો નાણાકીય વ્યય લઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરુત્તમ તેમ નમૂનો શ્રેષ્ઠ ગણાય તેવી મૂલ્યાંકન જોગવાઇઓના સૂચનો લક્ષમાં લેશું.
- જે નમૂના તૈયાર કરવામાં આવે તે બજારમાં વેચી શકાય અથવા મૂલ્ય ઉપજે તેવા હોવા જોઈએ.
- જરૂરી સ્પર્ધકોને અલાયદી જગ્યા આપવામાં આવશે. સ્થળ પર તૈયાર કરેલા મૌલિક નમુનાને પ્રાધાન્ય અપાશે.
- સ્પર્ધાના પ્રકાર પ્રમાણે વધુમાં વધુ ૧૮૦ (૩ કલાક) મિનિટનો સમય આપવામાં આવશે.
- જરૂરી સાધનો તથા સરંજામ સ્પર્ધકે પોતે લાવવાના રહેશે. જે નમૂના તૈયાર થાય તે સ્પર્ધાના સ્થળે છેલ્લા દિવસ સુધી રાખવાના રહેશે.
- નિર્ણયનો આધાર કમ્પોઝીશન, ટેકનીક, વસ્તુલક્ષી નિરૂપણ, આકારમાં સપ્રમાણતા, કાચી સામગ્રીનો નાણાકીય વ્યય લઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરુત્તમ વગેરે ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

# (C) સાંસ્કૃતિક વિભાગ

(૯) <u>લોકનૃત્ય :-</u>

- નૃત્યમાં મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછા ૧૨ નૃત્યકારો અને ૪ સહાયકો થઈ મહત્તમ ૧૬ કે ૨૦ કલાકારો ભાગ લઈ શકશે. નૃત્ય એકલા ભાઈઓ, એકલી બહેનો કે ભાઈઓ અને બહેનો સાથે પણ રજૂ કરી શકાશે.
- નૃત્યમાં બહારથી ગવડાવી શકાશે. નૃત્યમાં ગાયક – વાધ્યકારો તરીકે મહત્તમ ૪ નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે, પરંતુ તે એકવાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઇકથી દૂર બેસવાનું રહેશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- નૃત્યમાં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહીં. (લોકનૃત્ય લાઈવ કરવાનું રહેશે.)
- છોકરીઓ છોકરાનો કે છોકરાઓ છોકરીઓનો પહેરવેશ પહેરી સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.

- નૃત્ય જે પ્રદેશનું રજૂ કરવા આપે પસંદ કર્યું હોય તેના અનુરૂપ જ એકશન, ગાયકી, પહેરવેશ, તાલ અને સંગીતનો પ્રયોગ કરી, તેના એક જ મૂળ સ્વરૂપમાં રજૂ કરવું હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના નૃત્યો (દા.ત. રાજસ્થાની નૃત્યમાં ચરી, ચકરી, તેહરતાલી, પનિહારી, ભવાઇ વગેરે નૃત્યો) મિશ્ર કરી રજૂ કરવા, મુલવણી માટે હાનિકારક રહેશે. તે જ રીતે નૃત્યનું ગીત પણ જે તે પ્રદેશના નૃત્ય અનુરૂપ શુધ્ધ સ્વરૂપનું, એક જ હોય તે જોવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકર્તા રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પસંદગી, વાસ્તવિકતા, સૂરીલાપણું, તાલ, લય, સંગીત, સમસ્ત નૃત્યકારોના સુમેળભર્યા લલિત અંગડોલન સાથેની ઘુમવાની છટા, પાદચલન, નૃત્યગૂંથણી, વેશભૂષા, ઓર્નામેંટસ, એકાત્મતા, એન્ટ્રી, એકઝીટ, સમય અને સમગ્ર રજૂઆત જેવા નૃત્યના પ્રધાન અંગ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.
- લોક નૃત્ય ભારતીય શૈલી હોય શકે પરંતુ શાસ્ત્રીય નહીં તથા નૃત્ય નાટિકાની છૂટ નથી.

(૧૦) <u>રાસ :-</u>

- રાસમાં મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછા ૧૨ નૃત્યકારો અને ૪ સહાયકો થઈ મહત્તમ ૧૬ કે ૨૦ કલાકારો ભાગ લઈ શકશે.
- રાસ એકલા ભાઈઓ, એકલી બહેનો કે ભાઈઓ અને બહેનો સાથે પણ રજૂ કરી શકાશે.
- રાસમાં બહારથી ગવડાવી શકાશે. નૃત્યમાં ગાયક – વાધ્યકારો તરીકે મહત્તમ ૪ નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે, પરંતુ તે એક્વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઇકથી દૂર બેસવાનું રહેશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- રાસમાં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહીં.
- છોકરીઓ છોકરાનો કે છોકરાઓ છોકરીઓનો પહેરવેશ પહેરી સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.
- દાંડિયા, મંજિરા, ઢાલ તલવાર કે કરતાલ સાથે પણ રાસ લઈ શકાશે.
- રાસમાં હાર્મોનિયમ, ઢોલ, તબલા, શરણાઈ, વાંસળી, મંજિરા, ખંજરી, ઝાંઝ વિગેરે જેવા રાસને અનુરૂપ પ્રાચીન વાધ્યોનો જ પ્રયોગ કરી શકાશે. રાસની રજૂઆતમાં ઇલેક્ટ્રોનિકસ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહી.
- રાસ જે પ્રાંત કે પ્રદેશનો રજૂ કરવા આપે પસંદ કર્યો હોય તેના અનુરૂપ જ એકશન, લોકગાયકી, પહેરવેશ અને સંગીતનો પ્રયોગ કરી, તેના એક જ મૂળ સ્વરૂપમાં રજૂ કરવો હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના રાસ (જેવા કે મણિયારો, અઠંગો, કણબી, ઢાલ-તલવાર, પઢાર વગેરે) મિશ્ર કરી રજૂ કરવા, મુલવણી માટે હાનિકારક રહેશે. તે જ રીતે રાસનું ગીત પણ લોકકલાના શુધ્ધ સ્વરૂપનું એક જ હોય તે જોવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકર્તા રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પસંદગી, વાસ્તવિકતા, તેનો લોકગમ્ય ઢાળ, કંઠનું માધુર્ય, સૂરીલાપણું, સુસ્પષ્ટ ઉચ્ચારણ, તાલ, લય, સંગીત, સમસ્ત નૃત્યકારોના સુમેળભર્યા લલિત અંગડોલન સાથેની ઘુમવાની છટા, પાદચલન, નૃત્યગૂંથણી, વેશભૂષા, ઓર્નામેંટસ, એકાત્મતા, એન્ટ્રી-એકઝીટ, સમય અને સમગ્ર રજૂઆત જેવા રાસના પ્રધાન અંગ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

(૧૧) ગરબા:-

- ગરબો પ્રાચીન કે અર્વાચીન કોઈપણ રજૂ કરી શકાશે. જે રજૂ કરો તે તેના મૂળ અને શુધ્ધ સ્વરૂપમાં જ રજૂ કરવાનો રહેશે.

- ગરબામાં મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછી ૧૨ બહેનો અને ૪ સાજિંદા થઈ મહત્તમ ૧૬ કે ૨૦ કલાકારો ભાગ લઈ શકશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- ગરબામાં મહત્તમ ૪ વાધ્યકારો (સહાયકો) નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક્વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઇકથી દૂર બેસવાનું રહેશે. પ્રાચીન ગરબો જો આપે પસંદ કર્યો હોય તો તેની રજૂઆતમાં ઇલેક્ટ્રોનિકસ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહી. ગરબાના પ્રકાર અનુરૂપ જ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે.
- ગરબામાં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહીં. ગરબે ફરતી બહેનો પૈકી ચારેક બહેનો ગવડાવે અને બાકીની બહેનોએ ઝીલી ગરબાની પ્રસ્તુતિ કરવાની રહેશે. ગરબો બહારથી ગવડાવી શકાશે નહીં.
- ગરબાની કૃતિ સમાજ માટે પોષક આને જે ગરબો રજૂ કરો (પ્રાચીન કે અર્વાચીન) તેને અનુરૂપ જ હોવી જોઈએ. એટલે કે એ પ્રાચીન હોય કે અર્વાચીન પણ તેનું એક જ સ્વરૂપ રજૂ કરી શકાશે. મિશ્ર ગરબાની નોંધ મુલવણી વખતે નકારાત્મક લેવામાં આવશે. સ્પર્ધામાં કેવળ જોડકણા વાળા કે મેડલી બનાવેલા ગરબા રજૂ કરવા નહીં. અન્યથા તે અનુસંધાને તેની મુલવણી નિર્ણાયકશ્રીઓ દ્વારા કરવામાં આવશે. ખાસ કિસ્સામાં આયોજકો તેનો અસ્વીકાર પણ કરી શકશે. જેમાં કોઈ વાદ-વિવાદ ચાલશે નહીં.
- ગરબા નૃત્ય પ્રધાન ન હોવા જોઈએ તેમજ તેમાં નાટકીય હાવભાવ પણ હોવા જોઈશે નહીં.
- ગરબાની રજૂઆત માટે તાળી, ચપટ્ટી, મંજિરા, દિવડા,માટલી, ગાગર, ઘડો, ગરબો વિગેરેનો ઉપયોગ થઈ શકશે.
